# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-11-2026** **Evening: 7.50 TO 8.00**

**Day: Saturday** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

**********

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિવાળીની પૂર્વ સંધ્યાએ ભારત અને વિદેશમાં રહેતા તમામ ભારતીયોને શુભેચ્છાઓ પાઠવી.
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં રાજ્ય અને રાષ્ટ્રીય સુરક્ષાના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી.
3) રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે દિવાળી અને છઠ પૂજા દરમિયાન મુસાફરોના ધસારાને ધ્યાનમાં રાખીને રેલવે 18 હજાર ખાસ ટ્રેનો ચલાવી રહી છે.
4) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પૂર્વોત્તર ભારતની સુરક્ષા માટે વ્યૂહાત્મક મહત્વને ધ્યાનમાં રાખીને સુરક્ષાદળોને સતર્કતા જાળવવા અપીલ કરી.
5) સરકારે જાહેરાત કરી છે કે 137 કેન્સર વિરોધી દવાઓના સુધારેલા ભાવો સોમવારથી અમલી થશે.
6) વેલિંગ્ટનમાં રમાયેલી એકદિવસીય મેચમાં ભારતે ડકવર્થ-લુઇસ-સ્ટર્ન પદ્ધતિ હેઠળ ન્યુઝીલેન્ડને ચાર રનથી હરાવ્યું.

**********

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PREZ-PM-DIWALI-EVE-WISHES

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દિવાળીની પૂર્વ સંધ્યાએ ભારત અને વિદેશમાં રહેતા તમામ ભારતીયોને શુભેચ્છાઓ પાઠવી. રાષ્ટ્રપતિએ કહ્યું કે દિવાળી દુષ્ટતા પર સારાના વિજયનું પ્રતીક છે. આ તહેવાર દુઃખના અંત અને સુખ અને સમૃદ્ધિથી ભરેલા જીવનની શરૂઆતનો સંદેશ પણ આપે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ દિવાળીની પૂર્વ સંધ્યાએ દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા પર એક વીડિયો સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે પ્રકાશનો આ તહેવાર અંધકાર સામે લડવાના સરકારના સંકલ્પનું પ્રતીક છે.

(BYTE : NARENDRA MODI, PM)

# PM-VP-DIWALI-MEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ઉપરાષ્ટ્રપતિ ભવનમાં ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણનને મળ્યા. બંને નેતાઓએ દિવાળીની શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કર્યું.

# AYODHYA - DIPOTSAV

આજે ઉત્તરપ્રદેશના અયોધ્યામાં 10મો વાર્ષિક પ્રકાશ ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. આ કાર્યક્રમમાં ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અમદાવાદમાં ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી અને રાજ્ય અને રાષ્ટ્રીય સુરક્ષાના વિવિધ પાસાઓ પર વ્યાપક ચર્ચા કરી હતી. તેમણે સરહદ અને દરિયાકાંઠાની સુરક્ષા, માદકદ્રવ્ય નિયંત્રણ, સાયબર ક્રાઇમ અને આપત્તિ વ્યવસ્થાપન જેવા મુખ્ય મુદ્દાઓ પર પ્રગતિની સમીક્ષા કરી હતી. તેમણે નાગરિકતા સુધારો કાયદો, આગામી વસ્તી ગણતરી અને અગ્નિવીર યોજના જેવા વિષયો પર પણ ચર્ચા કરી હતી. શ્રી શાહે દિવાળી પહેલા ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા અને જાહેર સલામતીની સ્થિતિની પણ સમીક્ષા કરી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

નશીલા પદાર્થોની સમસ્યાને ઉકેલવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂકતા, કેન્દ્રીય ગૃહમંત્રીએ અધિકારીઓને 2029 સુધીમાં 'નશીલા પદાર્થો મુક્ત ભારત' ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે કામ કરવા અપીલ કરી.

શ્રી શાહે દુષ્કાળની સ્થિતિ, ખેડૂતોને લગતા મુદ્દાઓ અને સરહદી જિલ્લાઓની પરિસ્થિતિ જેવા મહત્વપૂર્ણ વિષયો પર જરૂરી સૂચનો કર્યા.

# VAISHNAW-RAILWAYS-PREPAREDNESS

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે દિવાળી અને છઠ પૂજા દરમિયાન મુસાફરોના ધસારાને ધ્યાનમાં રાખીને રેલવે આ વર્ષે આશરે 18 હજાર ખાસ ટ્રેનો ચલાવી રહી છે.

નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે નવી દિલ્હી અને આનંદ વિહાર સહિતના મુખ્ય રેલ્વે સ્ટેશનો પર ભીડ પર નજર રાખવા માટે રેલ ભવનમાં એક વોર રૂમ બનાવવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે મુસાફરોની સુરક્ષા માટે વધારાના રેલ્વે સુરક્ષા દળના કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે.

(BYTE : ASHWINI VAISHNAV)

# DELHI-ASHWINI VAISHNAV

કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે દિલ્હીના આનંદ વિહાર રેલ્વે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું અને મુસાફરો સાથે સીધી વાતચીત કરીને તેમના પ્રવાસના અનુભવો વિશે જાણ્યું. ઘણા મુસાફરોએ રેલ્વેમાં થઈ રહેલા સુધારા અને આધુનિકીકરણની પણ પ્રશંસા કરી.

# KOLKATA-AIR-FORCE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે બાગડોગરામાં તૈનાત વાયુસેનાના કર્મચારીઓને પૂર્વોત્તર ભારતની સુરક્ષા માટે આ ક્ષેત્રના વ્યૂહાત્મક મહત્વને ધ્યાનમાં રાખીને સંપૂર્ણ સતર્કતા અને ઓપરેશનલ તૈયારીઓ જાળવવા વિનંતી કરી છે.

શ્રી સિંહ આજે સિક્કિમ જવા રવાના થતા પહેલા સિલિગુડીના બાગડોગરા વિમાનીમથક પર વાયુસેનાના કર્મચારીઓને સંબોધિત કરી રહ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે આધુનિક યુદ્ધનું સ્વરૂપ ઝડપથી બદલાઈ રહ્યું છે. યુદ્ધ હવે પરંપરાગત સરહદી લડાઈઓ સુધી મર્યાદિત નથી. સાયબર હુમલા, ડ્રોન હુમલા, પ્રોક્સી યુદ્ધો અને સોશિયલ મીડિયા દ્વારા ખોટી માહિતી ફેલાવવી પણ મુખ્ય સુરક્ષા પડકારો બની ગયા છે.

(BYTE : RAJNATH-SINGH-ON-AGNIVEER)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PREZ – BIRLA- VANDEMATARAM

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ રાષ્ટ્રીય ગીત વંદે માતરમની 151મી વર્ષગાંઠ પર રાષ્ટ્રને શુભેચ્છા પાઠવી.

એક સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે સ્વતંત્રતા ચળવળ દરમિયાન વંદે માતરમ દેશભક્તો માટે હિંમત, એકતા અને સંકલ્પનું સૂત્ર બની ગયું. તેમણે કહ્યું કે આજે પણ તે રાષ્ટ્રીય ઓળખ, આત્મસન્માન અને માતૃભૂમિ પ્રત્યેની ભક્તિનું પ્રતીક છે. રાષ્ટ્રપતિએ નાગરિકોને વંદે માતરમમાં સૌપ્રથમ સમાયેલી રાષ્ટ્રની ભાવનાને સ્વીકારવા અને દેશને મજબૂત અને પ્રગતિશીલ બનાવવામાં યોગદાન આપવા વિનંતી કરી.

શ્રી ઓમ બિરલાએ વંદે માતરમને દેશની રાષ્ટ્રીય ચેતના, આત્મસન્માન અને એકતાનું પ્રતીક ગણાવ્યું. તેમણે કહ્યું કે બંકિમચંદ્ર ચેટર્જીએ 1875માં આ ગીતની રચના કરી હતી. 1905ના સ્વદેશી આંદોલન દરમિયાન, વંદે માતરમ સ્વતંત્રતા સેનાનીઓ માટે પ્રેરણાનું સૂત્ર બન્યું અને વિદેશી શાસન સામેના સંઘર્ષને નવી ગતિ આપી.

# CANCER-MEDICINE-MRP-EFFECT

સરકારે જાહેરાત કરી છે કે 137 કેન્સર વિરોધી દવાઓના સુધારેલા ભાવ સોમવારથી અમલમાં આવશે. તાજેતરમાં, નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઇસિંગ ઓથોરિટીએ આ કેન્સર વિરોધી દવાઓના મહત્તમ છૂટક ભાવ - MRP પર ટ્રેડ માર્જિન મર્યાદિત કર્યું છે.

રસાયણ અને ખાતર મંત્રાલયના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં, 76 ફાર્માસ્યુટિકલ કંપનીઓએ એક હજાર 225 કેન્સર વિરોધી ફોર્મ્યુલેશન માટે સુધારેલા MRP ની જાણ કરી છે, જેમાં 121 દવાઓનો સમાવેશ થાય છે.

# CRICKET

ભારતે ડકવર્થ-લુઇસ-સ્ટર્ન (DLS) પદ્ધતિ હેઠળ ન્યુઝીલેન્ડને ચાર રનથી હરાવ્યું. આજે વેલિંગ્ટનના હેનરી સ્ટેડિયમમાં વરસાદને કારણે રમત રોકાઈ ત્યારે, ભારતે 26 ઓવરમાં 7 વિકેટે 113 રન બનાવ્યા હતા, ભારતને 66 બોલમાં 22 રનની જરૂર હતી.

વરસાદથી અસરગ્રસ્ત વેલિંગ્ટનમાં પ્રથમ બેટિંગ કરતા, ન્યુઝીલેન્ડ 134 રનમાં ઓલઆઉટ થઈ ગયું. ભારતે પાંચ મેચની શ્રેણીની પ્રથમ વનડે પાંચ વિકેટથી જીતી. ભારત શ્રેણીમાં 2-0 થી આગળ છે.

# PETROLEUM-MINISTRY-E20-CLARIFICATION

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે કર્ણાટક સરકારના દાવાને ફગાવી દીધો છે કે રાજ્યના કેટલાક રિટેલ આઉટલેટ્સ પર વેચાતા ઇંધણમાં વધુ પડતી માત્રામાં ઇથેનોલ હોય છે. મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે કર્ણાટક સહિત દેશભરમાં જાહેર ક્ષેત્રની તેલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા પૂરું પાડવામાં આવતું E20 પેટ્રોલ નિર્ધારિત ગુણવત્તા ધોરણોનું પાલન કરે છે.

# IAF-AIRCRAFT

લદ્દાખમાં 13 હજાર 629 ફૂટની ઊંચાઈ પર સ્થિત ન્યોમા એરફિલ્ડ પર વાયુસેનાનું કે IL-76MD કાર્ગો વિમાન સફળતાપૂર્વક ઉતર્યું. વાયુસેનાના જણાવ્યા અનુસાર, આ સફળતા ભારતીય વાયુસેનાની ક્ષમતા, અસાધારણ કૌશલ્ય, ચોકસાઈ અને વ્યાવસાયિકતા દર્શાવે છે.

# IFFI-WAVEX-PAVILION

માહિતી અને પ્રસારણ મંત્રાલયે આ મહિને ગોવામાં યોજાનારા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ - IFFI 2026 દરમિયાન WaveX બજારમાં WaveX સ્ટાર્ટઅપ પેવેલિયનમાં ભાગ લેવા માટે ફિલ્મ અને સંબંધિત ટેકનોલોજીના ક્ષેત્રમાં કામ કરતા સ્ટાર્ટઅપ્સ પાસેથી અરજીઓ મંગાવી છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, DPIIT સાથે નોંધાયેલા લાયક સ્ટાર્ટઅપ્સ અરજી કરી શકે છે. WaveX દ્વારા રચાયેલી પસંદગી સમિતિ દ્વારા અરજીઓની ચકાસણી અને મૂલ્યાંકન કરવામાં આવશે. રસ ધરાવતા સ્ટાર્ટઅપ્સ wavex.wavesbazaar.com પર અરજી કરી શકે છે.

# MUHURAT-TRADING

નેશનલ સ્ટોક એક્સચેન્જ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ બંને આવતીકાલે દિવાળી નિમિત્તે ખાસ 'મુહૂર્ત ટ્રેડિંગ' સત્રોનું આયોજન કરશે. એક્સચેન્જો દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર મુજબ, બજારો બપોરે 2:20 થી 3:30 વાગ્યા સુધી ખુલ્લા રહેશે.

આ એક કલાકનું સત્ર દિવાળીથી શરૂ થતાં નવા હિન્દુ નાણાકીય વર્ષ, 'વિક્રમ સંવત 2083' ની શરૂઆત પણ દર્શાવે છે.